અપીલ અરજી નં.૩૩ તા.૪–૫–૦૯ /૧૦

અરજદારઃ શ્રી ભુપેન્દ્રકુમાર અમૃતલાલ શાહ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્રકુમાર અમૃતલાલ શાહની તા.૩૦–૩–૦૯ ની અરજીથી પ્લોટ નં.૫ પ્રગતિ નગર સોસા. ચોકસીની વાડીની સામ., અડાજણ સુરત. (ટી.પી.નં.૧૨, એફ.પી.નં.૪૬ પૈકી) સદર મકાનમાં ગેરકાયદેસર બાંધકામ થયેલ છે જે અંગે છેલ્લા ત્રણ વર્ષમાં વારંવાર રજુઆતો થયેલ છે. આ સ્થળે ગેર કાયદેસર બાંધકામ બાબતે અપીલ અરજી ૪૭/૦૭ તા.૨૧–૩–૦૭ અંગે માનનીય કમિશ્નરશ્રીએ હુકમ કરેલ જે આ સાથે રજુ કરેલ છે. સદર જગ્યાનું બાંધકામ મંજુર થયેલ પ્લાન તેમજ આપવામાં આવેલ રજાચીઠ્ઠીની પ્રમાણિત નકલ તથા મંજુર થયેલા પ્લાન પ્રમાણે બાંધકામ થયેલ છે. તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૫–'૦૯ ની અપીલ અરજી નં.૩૩/૨૦૦૯–૧૦

શ્રી ભુપેન્દ્રકુમાર અમૃતલાલ શાહની તા.૩૦–૩–૦૯ ની અરજીથી પ્લોટ નં.૫ પ્રગતિ નગર સોસા. ચોકસીની વાડીની સામ., અડાજણ સુરત.(ટી.પી.નં.૧૨, એફ.પી.નં.૪૬ પૈકી) સદર મકાનમાં ગેરકાયદેસર બાંધકામ થયેલ છે જે અંગે છેલ્લા ત્રણ વર્ષમાં વારંવાર રજુઆતો થયેલ છે. આ સ્થળે ગેર કાયદેસર બાંધકામ બાબતે અપીલ અરજી ૪૭/૦૭ તા.૨૧ –૩–૦૭ અંગે માનનીય કમિશ્નરશ્રીએ હુકમ કરેલ જે આ સાથે રજુ કરેલ છે. સદર જગ્યાનું બાંધકામ મંજુર થયેલ પ્લાન તેમજ આપવામાં આવેલ રજાચીઠ્ઠીની પ્રમાણિત નકલ તથા મંજુર થયેલા પ્લાન પ્રમાણે બાંધકામ થયેલ છે. તે અંગે માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ ૩૪ તા. ૧ ૮–૪–૦૯ થી દસ્તાવેજી ફી ભરવા જણાવેલ જે તા.૨૪–૪–૦૯ થી તા.૧–૫–૦૯ સુધી નાંણા ભરવાની અવ્યવસ્થાને કારણે માહિતી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩ તા.૧૩–૫–૦૯થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ નથી.

અરજદારની તા.૩૦–૩–૦૯ ની અરજીથી પ્લોટ નં.૫ પ્રગતિ નગર સોસા. ચોકસીની વાડીની સામે., અડાજણ સુરત. (ટી.પી.નં.૧૨, એફ.પી.નં.૪૬ પૈકી) સદર મકાનમાં ગેરકાયદેસર બાંધકામ થયેલ છે જે અંગે છેલ્લા ત્રણ વર્ષમાં વારંવાર રજુઆતો થયેલ છે. આ સ્થળે ગેર કાયદેસર બાંધકામ બાબતે અપીલ અરજી ૪૭/૦૭ તા.૨૧–૩–૦૭ અંગે માનનીય કમિશ્નરશ્રીએ હુકમ કરેલ જે આ સાથે રજુ કરેલ છે. સદર જગ્યાનું બાંધકામ મંજુર થયેલ પ્લાન તેમજ આપવામાં આવેલ રજાચીઠ્ઠીની પ્રમાણિત નકલ તથા મંજુર થયેલા પ્લાન પ્રમાણે બાંધકામ થયેલ છે. તે અંગે માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૩૪ તા.૧૮–૪–૦૯ થી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા ટી.પી.સ્કીમ નં.૧૨(અડાજણ) ફા.પ્લોટ નં.૪૬ પૈકી સબ પ્લોટ નં.૫ માં અત્રેથી આ.નં.ટીડીઓ/વેસ્ટઝોન/ડીપી/નં.૧૮૪તા.૧૫–૧–૦૯ થી બાંધકામના પ્લાન મંજુર કરવામાં આવેલ છે. જેથી સદર મંજુર પ્લાનની નકલના રૂા.૭૫ તથા રજાચિઠ્ઠીના રૂા.૨/– કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે. આરટીઆઈ એકટ મુજબ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે કોઈ ચકાસણી કરવાની કે અભિપ્રાય આપવાના થતા નથી. એવી માહિતી પુરી પાડેલ. અરજદારે અપીલ અરજીમાં માહિતીની અરજી રજુ કરવા એક ઓફિસમાં લઈને જઈ તેના ઉપર નંબર પડાવવાનો પછી કેશની બારી ઉપર જઈને પૈસા ભરવાના અને ત્યાર બાદ ઈનવર્ડ કરાવવાની. નમુના 'ઘ' માં જણાવેલ નકલના નાણાં ભરવા માટે ગયેલ ત્યારે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારીશ્રીના લેટર પર શહેર વિકાસના કર્મચારી ચકાસીને અભિપ્રાય આપે ત્યાર બાદ જ પૈસા ભરી શકાય. તા.૨૮–૪–૦૯ ના રોજ કચેરીમાં ગયા ત્યારે શહેર વિકાસના કર્મચારી મળેલ નહીં તેમની સાથે ટેલીફોનથી વાત કરી ત્યારે તા.૧–૫–૦૯ ના રોજ આવવા જણાવેલ સદર દિવસે ગયા ત્યારે પણ સદર કર્મચારી મળેલ નહી. આમ માહિતીના નાણાં ભરી શકાયેલ નહી. આમ આવી ગેરવ્યવસ્થાના કારણે માહિતીના નાણાં ભરી શકાયેલ નથી. આ ઉપરાંત કાયદાની જોગવાઈ પ્રમાણે પગલા ભરવાની અને ન્યાયીક કાર્યવાહીની પણ રજુઆત કરેલ છે.

વધુમાં અરજદારે તેમની મુળ અરજીથી નિર્દિષ્ટ પ્લોટ બાબતે મંજુર થયેલ પ્લાન પ્રમાણે બાંધકામ થયેલ તે ચકાસણી કરી અન્ય રિપોર્ટ આપવા માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે તેવું અરજદારને જણાવેલ છે. જે બાબતે અરજદાર અપીલ તબકકે વિવાદ ઉત્પન્ન કરેલ છે. આ અંગે આરટીઆઈ કાયદા કલમ–૨ (એફ) અને ૨(જે )હેઠળ અનુક્રમે માહિતી અધિકારી વ્યાખ્યામાં કરેલ જોગવાઈ ધયાને લેતાં જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળ ની દફતરી ઉપલબ્ધ માહિતી આપવામાં સમાવેશ થાય છે. તે જોતાં જે માહિતી દફતર પર નથી તેને ઉત્પન્ન કરવાનો કે કાર્યવાહી કરી નવી માહિતી સર્જન કરીનેમાહિતી આપવાનો સમાવેશ થાય નહીં.

પાછળ

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે કરેલ અરજીમાંની રજુઆતની વિગત ધ્યાને લેતાં એક બારી પધ્ધતિ અમલવારી સહિત જાહેર સત્તામંડળમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાનો ઉદ્દેશ ચરિતાર્થ થતો હોય તે પ્રકારની કાર્યપધ્ધતિનો જાહેર માહિતી અધિકારી કક્ષાએ અભાવ ગણાય . જે ધ્યાને લઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૧),(૩) થી કરેલ જોગવાઈ અનુસાર આરટીઆઈ નિયમ–૩ અને ૫ ની જોગવાઈ અનુસરી અરજદારને ભરવા જણાવેલ ફી વસુલ લઈ માંગેલ પ્લાન તથા રજાચિઠ્ઠીની માહિતી દિન–૭માં અત્રે જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

ચકાસણી કરી માહિતી આપવા બાબતની અરજદારની રજુઆત ગ્રાહય રાખવા પાત્ર નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭માં જાહેર માહિતી અધિકારીનો અગોતરો સમય મેળવી નિયત ફી ભરી લાગત દફતરની તપાસણી કરી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા તેની જાણ અત્રે કરવા જણાવવામાં આવે છે.

આરટીઆઈ કલમ–૨૦ હેઠળ પગલાં લેવાની સત્તા ગુજરાત માહિતી આયોગ,ગાંધીનગર સેકટર–૧૮ ગુજરાત રાજયને હોઈ અત્રેથી તે બાબતે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભુપેન્દ્રકુમાર અમૃતલાલ શાહ ,૪/૧૪, નવસર્જન એપાર્ટમેન્ટ,કૈલાસ નગર પાસે, સગરામપુરા,સુરત..તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.